

# ચકલી



એક ચકલી તળાવમાં
પાણી પીવા ગઈ.



પાણી પીતાં- પીતાં તે
તળાવમાં ડૂબવા લાગી.






એટલામાં ત્યાં એક
બિલાડી આવી.

ચકલી બોલી- બહેન મને
બહાર કાઢી લે. બિલાડી
બોલી- બહાર તો કાઢી દઈશ.



પણ હું તને ખાઈશ.
ચકલી બોલી- સારું, મને
ખાઈ લેજે. બિલાડીએ
ચકલીને બહાર કાઢી.



# બિલાડી બોલી - હવે, ખાઉં!



ચકલી બોલી- પહેલાં મને સુકાઈ જવા દે, પછી મને ખાજે. અત્યારે તો પીંછાં તારા મોઢામાં ફસાઈ જશે.



બિલાડી રાહ જોતાં-જોતાં સૂઈ ગઈ.



ચકલી સુકાઈને ફરરરર

કરીને ઊડી ગઈ.



## ચકલી

એક ચકલી તળાવમાં પાણી પીવા ગઈ. પાણી પીતાં-પીતાં તે તળાવમાં ડૂબવા લાગી. એટલામાં ત્યાં એક બિલાડી આવી. ચકલી બોલી- બહેન મને બહાર કાઢી લે. બિલાડી બોલી- બહાર તો કાઢી દઈશ. પણ હું તને ખાઈશ. ચકલી બોલી - સારું, મને ખાઈ લેજે. બિલાડીએ ચકલીને બહાર કાઢી. બિલાડી બોલી- હવે, ખાઉં! ચકલી બોલી- પહેલાં મને સુકાઈ જવા દે, પછી મને ખાજે. અત્યારે તો પીંછાં તારા મોઢામાં ફસાઈ જશે. બિલાડી રાહ જોતાં-જોતાં સૂઈ ગઈ. ચકલી સુકાઈને ફરરર કરીને ઊડી ગઈ.



શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ ગાંધીનગર

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - ''૮ પાના.'' ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
કવર પેજ - ''૪ પાના.'' ૩૦૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૩૦૫ X ૪૫૭ એમ.એમ. બાઈન્ડીંગ : સેન્ટર બાઈન્ડીંગ ( ટુ પીન)